PROMOTED CONTENT by mgid



Do The Stars Align For You This Year? Get Your 2020 Horoscope
ClickAstro



जोड़ों का दर्द अब और नहीं! विवरण यहाँ
Arthrazex


Here Is A Quick Way To Earn Money In Bengaluru
IronTrade


Why Are These German Hearing Aids Such A Big Hit In India
Hearing Aids



# મોત સામેની જંગ હાર્યો / હૃદયની બીમારીથી પીડાતા બાળકને બચાવવા 1515 કિમી એમ્બ્યુલન્સ ચલાવી પણ બચાવી ન શક્યા



બાળક જીવીત રહે તે માટે એમ્બ્યુલન્સમાં તમામ સુવિધા ઉભી કરવામાં આવી હતી

e-પેપર

દિવ્ય ભાસ્કર
DivyaBhaskar.com

મારું ગુજરાત કોરોનાવાઇરસ ઇન્ડિયા વર્લ્ડ એન્ટરટેઇનમેન્ટ ઓરિજિનલ સ્પોર્ટ્સ બિઝનેસ ધર્મ દર્શન

પહોંચાડ્યો હતો. જોકે, ગામમાં પહોંચતાની સાથે જ એકના એક પુત્રના હૃદયના ધબકારા બંધ થઈ જતા પરિવાર શોકમાં ગરકાવ થઈ ગયું હતું. સુરતની ખાનગી હોસ્પિટલના તબીબ સાથે આવવા તૈયાર ન થતા એમ્બ્યુલન્સ ડ્રાઇવરના ભરોસે બરેલી લઈ ગયા હતા.

### બાળક હૃદયની બીમારી સાથે જન્મ્યું હતું

સુરત હજીરાની રિલાયન્સ કંપનીમાં કોન્ટ્રાક્ટ બેઝ પર કામ કરતા યુવકની પત્નીએ 2 મહિના પહેલા પુત્રને જન્મ આપ્યો હતો. જોકે, તેને જન્મજાત હૃદયની બીમારી હોવાથી 24 માર્ચે બાળક ખાનગી હોસ્પિટલમાં દાખલ થયા બાદ તેના તમામ રિપોર્ટ કઢાવતા બાળક ગંભીર હોવાનું તબીબોએ જણાવ્યું હતું. 27મી એ સવારે એમ્બ્યુલન્સના ચાલકે 31 કલાક સતત ગાડી ચલાવી બરેલી પહોંચ્યા હતા.

### બાળકને જોઈ જવાની હિંમત આવી હતી

સૌ પ્રથમ તો બાળકને જોઈ 1515 કિલોમીટર જવાની હિંમત આવી હતી. ત્યારબાદ ડોક્ટરના અભિપ્રાય મુજબ રસ્તે ત્રણ વાર સેન્ટ્રલ લાઇનમાં ઇન્જેક્શન આપવા પડ્યા હતા. સિંગલ સ્ટેન્ડ પર 5 ઇન્સ્યુજન પંપમાં બે વાર ઇન્જેક્શન આપ્યા હતા. - રાકેશ, ડ્રાઈવર

### પુત્રની સારવાર વતનમાં કરવાનો પરિવારે નિર્ણય કર્યો

સુરતના ખાનગી હોસ્પિટલના તબીબોએ બાળકના હૃદયની ગંભીરતા બાબતે માતા-પિતાને જાણ કરતા જ પરિવારે માસૂમ પુત્રની સારવાર વતન યુપીમાં કરાવવાનો નિર્ણય કર્યો હતો. જોકે, કોરોનાની મહામારી વચ્ચે મૂહ માંગી રકમ આપવા તૈયાર છતાં સુરતનો કોઈ ડોક્ટર એમ્બ્યુલન્સમાં યુપી સુધી આવવા તૈયાર થયો ન હોવાનું બહાર આવ્યું હતું. જોકે, મજબુર અને લાચાર પરિવારે આખરે ડોક્ટરની ગાઈડ લાઇન સાથે તૈયાર થયેલા એમ્બ્યુલન્સ ડ્રાઇવરના ભરોષે બે મહિનાના માસૂમ પુત્રને વતન યુપી બરેલી લઈ ગયા હતા. જ્યાં પહોંચતા જ એકના એક પુત્રના હૃદયના ધબકાર બતાવતા મશીનની સીધી લાઇનો જોઈ પરિવાર શોકમાં ગરકાવ થઈ ગયું હોવાનો દુઃખદ નજારો જીવનમાં પહેલીવાર જોયો હોવાનું એમ્બ્યુલન્સના ડ્રાઇવર રાકેશે જણાવ્યું હતું.

### બાળકને જન્મજાત હૃદયની બીમારી હતી

સુરત હજીરાની રિલાયન્સ કંપનીમાં કોન્ટ્રાક્ટ બેજ પર કામ કરતા યુવકની પત્નીએ 2 મહિના પહેલા પુત્રને જન્મ આપ્યો હતો. જોકે, તેને જન્મજાત હૃદયની બીમારી હોવાથી 24 માર્ચે બાળક ખાનગી હોસ્પિટલમાં દાખલ થયા બાદ તેના તમામ રિપોર્ટ કઢાયા હતા. દરમિયાન 27 માર્ચના રોજ બાળક ગંભીર હોવાનું તબીબોએ જણાવ્યું હતું. હૃદયની બીમારી સાથે જન્મેલા બાળકને અડાજણની ખાનગી હોસ્પિટલમાં દાખલ કરાવ્યા બાદ કોરોના વાઇરસના કહેર અને લોકડાઉન વચ્ચે લાચાર માતા-પિતાને કોઈ રસ્તો મળ્યો ન હતો. આખરે માતા-પિતાએ પોતાના પહેલા અને એકના એક બે મહિનાના પુત્રને હૃદય રોગની બીમારી સાથે વતન યુપીના બરેલી ગામ નજીક ખાનગી હોસ્પિટલમાં સારવારનો નિર્ણય કર્યો હતો. જોકે, સુરતથી ખાનગી એમ્બ્યુલન્સ સેવા મળી ગઈ પણ પૈસા આપવા છતાં પણ હૃદય રોગની બીમારી સાથે પીડિત બાળ દર્દી સાથે આવવા કોઈ ડોક્ટર સહમત ન થયું

### એમ્બ્યુલન્સના ડ્રાઈવરે 1515 કિમી અંતર કાપી બાળકને યુપી પહોંચાડ્યો

આખરે સુરતની ખાનગી એમ્બ્યુલન્સ સેવા આપતા વ્યક્તિએ પોતાના ડોક્ટર મિત્રને લાચાર પરિવારની વ્યથા કહી હૃદય રોગના દર્દીને એમ્બ્યુલન્સમાં ક્યાં પ્રકારની સારવાર આપી 1515 કિલો મીટરનું અંતર કાપી શકાય એ બાબતનું જ્ઞાન લીધું હતું. 27મી એ વહેલી સવારે યુપી જવા નીકળેલા આ

e-પેપર

દિવ્ય ભાસ્કર
DivyaBhaskar.com

મારું ગુજરાત કોરોનાવાઇરસ ઈન્ડિયા વર્લ્ડ એન્ટરટેઇનમેન્ટ ઓરિજિનલ સ્પોર્ટ્સ બિઝનેસ ધર્મ દર્શન

આપવા પડ્યા હતા. સિંગલ સ્ટેન્ડ પર 5 ઇન્સ્યુજન પંપમાં બે વાર ઇન્જેક્શન આપી બાળ દર્દીને યુપીના બરેલી પહોંચાડ્યો હતો. ગામમાં પ્રવેશ કરતા જ ગામવાસીઓએ ટેમ્પરેચર ઘનથી કોરોના વાઇરસના લક્ષણો છે કે નહીં તે ચેક કર્યા બાદ જ એમ્બ્યુલન્સને પ્રવેશ આપ્યો હતો. જોકે, બરેલી પહોંચતા જ બાળકનું હૃદય બંધ પડી ગયું હોવાનું જોઈ માતા-પિતાના આંસુ ટપ ટપ ટપકવા માંડ્યા હતા.

### બાળક ગંભીર હોવાનું ડોક્ટરોએ જણાવી દીધું હતું

સુરતમાં જ બાળકને કાર્ડીયાક મસાજ અને પમ્પીંગ કરી હૃદયના ધબકારા લવાયા હતા. બાળક ગંભીર હોવાનું તબીબોએ કહી જ દીધું હતું. જોકે, માતા-પિતા બાળકને ગામ લઈ જઈશું તો અમારું બાળક સારું થઈ જશે એવી આશા બનાવી કોઇ પણ ખર્ચે બાળકને બચાવવા માંગતા હતા. 24 માર્ચે બાળક ખાનગી હોસ્પિટલમાં દાખલ થયા બાદ તેના તમામ રિપોર્ટ કઢાયા હતા. બાળકના પિતા સુરત હજીરાની રિલાયન્સ કંપનીમાં કોન્ટ્રાક્ટ બેજ પર કામ કરતા હોવાનું જાણવા મળ્યું હતું. ડોક્ટરની ગાઈડ લાઇન મુજબ બાળકને તમામ સુવિધાથી સજ્જડ એમ્બ્યુલન્સમાં લઈ જવાયા બાદ પણ બચાવી ન શક્યા એનો અફસોસ હમેશા રહેશે એવું એમ્બ્યુલન્સના ડ્રાઈવરે જણાવ્યું હતું.

ICICI PRUDENTIAL LIFE INSURANCE
iProtect Smart
Calculate Premium FOR
1 CRORE TERM INSURANCE
AGE : 25 GENDER : Male
DO YOU CONSUME TOBACCO ? No
MONTHLY PREMIUM* (FOR 30 YEARS) Rs. 638 (REGULAR INCOME PAYOUT)
BUY ONLINE
*T&C APPLY W/II/1612/2017-18

મેળવો તમારું ત્રણ પ્રકારનું રાશિફળ, દરરોજ
dd-mm-yy Male Female Others
મેષ (અ. લ. ઈ.)
વૃશ્ચિક (ન. ય. )
વૃષભ (બ. વ. ઉ.)
મિથુન (ક. છ. ઘ.)
ક્લિક કરો

## Next Stories

કોરોના સુરત LIVE / કોમ્યુનિટી ટ્રાન્સમિશનનો ખતરોઃ નવા

વેચાણ કરનારો ઝડપાયો

કતારગામ દુષ્કર્મ કેસઃ કોલકાતામાં પણ હેવાને બાળકી પર

**સુરત** / કતારગામ દુષ્કર્મ કેસઃ કોલકાતામાં પણ હેવાને બાળકી પર રેપ કર્યો હતો

પાલિકાના સેન્ટરો પર ખેડૂતો મર્યાદિત જથ્થો લઈને પહોંચતા

**સુરત** / પાલિકાના સેન્ટરો પર ખેડૂતો મર્યાદિત જથ્થો લઈને પહોંચતા શહેરીજનો હેરાન

બિનવારસી લાશોના અંતિમ સંસ્કાર કરતી એકતા ટ્રસ્ટ હવે

**સેવા** / બિનવારસી લાશોના અંતિમ સંસ્કાર કરતી એકતા ટ્રસ્ટ હવે કોરોનામાં મોતને ભેટેલાની અંતિમવિધી કરી રહી છે

6 કલાક પાવર વગર ચાલી શકતું 8 કિલોનું વેન્ટીલેટર

**સંશોધન** / 6 કલાક પાવર વગર ચાલી શકતું 8 કિલોનું વેન્ટીલેટર સુરતની કંપનીએ તૈયાર કર્યું, કિંમત માત્ર રૂ.50 હજાર

કોરોનાથી માસ ક્વોરન્ટીન જાહેર થયેલા રાંદેર વિસ્તારમાં પોલીસ

**સુરત** / કોરોનાથી માસ ક્વોરન્ટીન જાહેર થયેલા રાંદેર વિસ્તારમાં પોલીસ કમિશનરે વિઝિટ કરી

વધુ એક પોઝિટિવ નોંધાતા આંક 24 થયો, હોટ સ્પોટ એવા

**Corona Update LIVE Surat** / વધુ એક પોઝિટિવ નોંધાતા આંક 24 થયો, હોટ સ્પોટ એવા રાંદેરની મુલાકાતે પોલીસ કમિશનર, કડક અમલ માટે સૂચના આપી

લોક ડાઉન દરમિયાન બપોરે દૂધના કેનમાં મસાલા લઈ

**સુરત** / લોક ડાઉન દરમિયાન બપોરે દૂધના કેનમાં મસાલા લઈ જનાર યુવકને પોલીસે ઝડપી પાડ્યો



Copyright © 2020-21 DB Corp ltd., All Rights Reserved.